# दंडक प्रकरण सह पद्यानुवाद



सर्वोदय ग्रंथावली ६४०

संयोजक -
प.पू. श्रुतोपासक मुनिश्री
सर्वोदयसागरजी म. सा.

।। उदयो भवतु सर्वेषाम्।।

# श्री चारित्ररत्न फा. चे. ट्रस्टनी विविध प्रवृतिओनी झलक



- श्री गृहमंदिरनी योजना
- श्री जिन प्रतिमाजीनी अष्ट मंगल पाटली योजना
- श्री गुरुमूर्तिओनुं निर्माण
- श्री ताम्रयंत्रोनी संकलना
- श्री आगम साहित्य
- श्री अर्वाचीन साहित्य
- श्री प्राचीन साहित्यनुं पांच-छ भाषामां संकलन
- श्री मल्टीकलर साहित्य
- पू. आ. श्री गुणसागरसूरि ज्ञानसंस्कार शिबिरनुं आयोजन
- गुरुगुण गीत गंगा केसेटोनुं आयोजन

## पुस्तक प्राप्ति स्थान





विराग-तेजस-ऋजु गंगर

रमेश अपार्टमेन्ट, अहिल्या बाग सामे, थाणा

श्री सोमचंद भाणजी लालका

मुंबई गली, पो.-अमलनेर,

जि.-जलगाम, महाराष्ट्र-४२५४०१

मनोज जैन

श्री महावीर जैन आराधना केन्द्र, कोबा, गांधीनगर, ३८२००७

सामायिकमां स्वाध्याय - गुणश्रेणी - ४०

# श्री गजसारमुनिकृत
# दंडक प्रकरणनो मूळ साथे गुर्जर पद्यानुवाद

**पद्यानुवाद रचयिता**

कच्छ हालार देशोद्धारक - अचलगच्छेश प. पू. आ. भ. श्री गौतमसागरसूरीश्वरजी म. सा. ना प्रतापी पट्टधर कलिकाल कल्पतरु जंगमयुगप्रधान अचलगच्छाधिपति प. पू. आ. भ. श्री गुणसागरसूरीश्वरजी महाराजा

**प्रकाशक**

श्री चारित्ररत्न फा. चे. ट्रस्ट

सौजन्य :- श्री जैन श्वे. मू. पू. संघ ज्ञानखाता - सेंधवा (म.प्र.)

वीर सं. २५३५, वि. सं. २०६५, आर्य संवत ८२९, गुणसंवत - २१

**।। उदयो भवतु सर्वेषाम् ।।**

।।श्री महावीराय नमः।।। श्री सर्वोदय पार्श्वनाथाय नमः।।। श्री गौतमस्वामिने नमः।।

अचलगच्छेश जंगमयुगप्रधान आ. श्री आर्यरक्षित जयसिंह महेन्द्रप्रभ मेरुतुंग धर्ममूर्ति कल्याण गौतम गुणसागरसूरिभ्यो नमः।।

**दिव्य कृपा**

कलिकाल कल्पतरु जंगमयुगप्रधान अचलगच्छेश प.पू. आ.भ.श्री गौतम - नीति - गुणसागरसूरीश्वरजी म. सा.

**शुभ आशीर्वाद**

अचलगच्छाधिपति प.पू. आ.भ.श्री गुणोदयसागरसूरीश्वरजी म. सा.

प.पू. युवाचार्य श्री कलाप्रभसागरसूरीश्वरजी म.सा.

पू. गणिवर्यो, पू. मुनिवर्यो आदि

**प्रेरणादाता**

प.पू. तपस्वी मुनिराज श्री चारित्ररत्नसागरजी म.सा.

**संकलनकर्ता**

प.पू. श्रुतोपासक मुनिराज श्री सर्वोदयसागरजी म.सा.

**मार्गदर्शक**

प.पू. मुनिराज श्री उदयरत्नसागरजी म.सा.

**संपादक**

मनोज आर. जैन - कोबा

मूल्य २५ रु. ।। उदयो भवतु सर्वेषाम्।। वि. सं. २०६५, प्रथमावृत्ति

# प्रास्ताविकम्

दंडक प्रकरणना अभ्यासथी आपणने जीवमां रहेल गुणो, शक्तिओ, शरीरो, संघयण, संस्थानादि चोवीश प्रकारना पदार्थोनो बोध थाय छे. श्री भगवती आदि आगम ग्रंथोमां घणाबधा द्वारोथी आ विचारणा करवामां आवी छे. तेमां पदार्थोनुं विस्तारथी विवेचन छे. परंतु अल्पमतिवाळाने पण ते पदार्थज्ञान सरल रीते थाय ते माटे चोवीश दंडक पदोनी मर्यादा बाधीने आ प्रकरणमां तेनुं विवेचन करवामां आवेल छे.

ग्रंथकर्ताए बाळजीवोने सुग्राह्य बने ए रीते चोवीस दंडको द्वारा जीव विशे पदार्थोने घटाव्या छे. आ एक प्रकारनुं पद्धत्तिसरनुं पदार्थ विज्ञान छे. तेना अभ्यासथी ए विषयमां प्राथमिक कक्षावाळो जिज्ञासु तेमां सारी रीते अवगाहन करी शके छे.

आ प्रकरणना कर्ता श्री गजसारमुनि खरतरगच्छीय श्री जिनसिंहसूरिजीना शासनकाळमां थयेला धवलचंद्रमुनिना शिष्य हता. तेओए चोवीश दंडकना स्वरूपमां चोवीश जिनेश्वरोनी स्तुति-विज्ञप्ति रूपे आ प्रकरण रच्युं छे अने ते आत्महित कारक छे तेवुं तेओ प्रान्तमां जणावे छे.

कलिकाल कल्पतरू जंगमयुगप्रधान अचलगच्छाधिपति परम

पूज्य आ. भ. श्री गुणसागरसूरीश्वरजी म. सा. ए पोताना जीवनकाळ दरम्यान संस्कृत भाषामां २५००० श्लोक प्रमाण अने गुर्जरभाषामां १,००,००० श्लोक प्रमाण गद्य-पद्यमां रचनाओ करेल छे. प्रस्तुत पुस्तिकामां अमे पूज्यश्रीए हरिगीतछंदमां रचेल गुर्जरभाषाबद्ध पद्यानुवाद प्रारंभमां आप्यो छे अने पछी दंडकप्रकरण मूळ अने महादंडक स्तोत्र आपेल छे जेथी वाचक-मुमुक्षुओ गाथाओनो स्वाध्याय अने अर्थनी अवधारणा बन्ने साथे करी शकशे. वधु ऊंडाणपूर्वक अभ्यास करवा मांगता जिज्ञासुओ माटे आ पुस्तिकाना प्रान्ते दंडक प्रकरणने लगता प्राप्तसाहित्यनी टीप आपवामां आवेल छे.

परम पूज्य श्रुतोपासक विद्वान् मुनिप्रवर श्री सर्वोदयसागरजी महाराजश्रीना सत्प्रयास अने प्रेरणाथी आ रीते जीवविचार आदि चार प्रकरणो, त्रणभाष्यो अने छ कर्मग्रंथोनो मूळ साथे पद्यानुवाद सर्वप्रथमवार छपाई रह्यो छे. ते ज्ञानपिपासुओ माटे आशीर्वाद रूप सिद्ध थशे. पूज्य मुनिराज श्री उदयरत्नसागरजी म. सा. ए आ कार्यमां सुंदर मार्गदर्शन करेल छे. आ पद्यानुवादने अक्षरशः निरीक्षण करी आपवा बदल पं. श्री चन्द्रकान्तभाई एस. संघवी-पाटणनो तेमज दरेक प्रकरणोना साहित्यनी नोंध आपवा बदल आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर-कोबा तथा पं. जितेन्द्र

बी. शाहनो (एल.डी. इन्डोलोजी-अमदावाद) अन्तःकरणपूर्वक आभार व्यक्त करीए छीए.

प्रकाशन संस्था श्री चारित्ररत्नफा.चे.ट्रस्टे प्रभु महावीरना २५३५मा निर्वाण महोत्सवना उपलक्षमां २५३५ ग्रंथो प्रकाशित करवानो महान संकल्प कर्यो छे. ए संदर्भमां ५०० जेटला ग्रंथो प्रकाशित थई चूक्या छे. तेनो अमने खूबज हर्ष छे. आ प्रकाशनोमां ५०० पूजन प्रतो पैकी २०० प्रतो प्रकाशित थई गई छे, ५०० अप्रगट ग्रंथो पैकी ५० ग्रंथो प्रेसमां छे, १३५ कथा ग्रंथो छ भाषामां अने ५ भाषामां प्रकाशित थया छे जे साधु-साध्वीजीओने भणवा माटे खूबज उपयोगी छे, ४५ आगम (सचित्र) गुजराती, हिंदी अने अंग्रेजी भावार्थ साथे प्रकाशित थयेल छे, ३०० रास वि. मर्यादित नकलो प्रकाशित करी छे, अचलगच्छनी १०० पूजाओ पैकी ५० प्रकाशित करी छे, १०० ढालिया, १५० अचलगच्छीय आर्चार्योना संस्कृत चरित्रो, १०८ करमशी खेतशी खोनानुं अप्रगट साहित्य, १५० श्री पार्श्वभाईनुं अप्रगट साहित्य, ५१ गुणमंजूषा प्रकाशित थयेल छे. ५१ स्तोत्रो खंडान्वय-दंडान्वय अने पदच्छेद युक्त प्रकाशन थई रह्या छे जेमां २१ स्तोत्रो प्रेसमां छे. तदुपरांत १२० सामायिकमां स्वाध्याय पुस्तिकाओ, २२५ विविध ग्रंथो आम कुल मळीने २५३५ ग्रंथो थाय छे. हमणा सुधी

आ कार्य धीमी गतिए चालतुं हतुं ते हवे देव-गुरु पसाये वेगवंतु चालशे एवी आशा छे.

## ट्रस्टना निर्णयो

१. हवे पछी बधा ग्रंथो मल्टी कलरमां छपाशे.

२. ग्रंथो माटे दाननी अपील बहार पडशे नहि.

३. अध्ययनमां उपयोगी माहिती अलभ्य बने तो पोस्टल खर्च तथा झेरोक्ष खर्च लईने व्यवस्था करी आपवी.

४. प्रकाशित ग्रंथो कोईने पण भेटमां आपवा नहि.

५. वि.सं २०६७ पछी योग्य समये ट्रस्टनुं विसर्जन करी देवाशे.

अन्ते वाचक वर्गने नम्र विनंति करीए छीए के प्रमादवश आमां कोई त्रुटीओ रही गई होय तो सूचित करशो जेथी पुनरावृत्तिमां सुधारो वधारो करी शकीशुं.

**- लि. श्री चारित्ररत्न फा. चे. ट्रस्टवती**

**श्री सोमचंद भाणजी लालका**

**श्री जेन्तीलाल जेठाभाई मैशेरीना**

**सादर जयजिनेंद्र**

# दंडक प्रकरणनो पद्यानुवाद

## (राग- हरिगीत छंद)

*१. मंगलाचरण*

चोवीश जिनवरने नमी, तस सूत्रवर्णन लेशथी
दंडक पदोथी स्तवीश ए जिन, सुणो भव्यो भावथी.

*२. चोवीश दंडक*

एक नारकी दश भवनपति, पांच पृथ्व्यादि बेइंद्रियादि त्रण
गर्भज तिर्यंच नर बे व्यंतर, ज्योतिषी वैमानिक त्रण १

*३-४. चोवीश द्वार*

ए चोवीश दंडक संक्षेपे, चोवीश द्वारे विचाराय छे
देह अवगाहना संघयण संज्ञा, संस्थान कषाय लेश्येन्द्रिय छे
समुद्घात बे दृष्टि दर्शन ज्ञानयोग, उपयोग उपपात च्यवन छे
स्थिति पर्याप्ति किमाहार आगति गति वेद, ए द्वार चोवीश छे २

*५. देह द्वार*

वायु गर्भज तिर्यंचे चार देह छे, मनुष्योमां पांच देह छे
शेष जीवोना त्रण त्रण, औदारिक तैजस कार्मण देह छे

*६-८. अवगाहना द्वार*

अंगुलना असंख्यातमा भागना, जघन्यथी सर्व जीव छे
पृथ्वी अप तेउ वाउना पण, अंगुलासंख्य भागे देह छे ३
उत्कृष्टथी पांचसो धनुष्य नारक छे, सात हाथ देव छे
गर्भज तिर्यंच योजन हजार, एथी वनस्पति साधिक छे
त्रण गाउना तेइन्द्रि मानव, बार गाउना बेइन्द्रि छे
चार गाउना चोरिंद्रि छे, हवे वैक्रिय देह कहेवाय छे ४
प्रारंभे वैक्रिय शरीर अंगुल संख्य भागे होय छे

९. उत्तर वैक्रिय शरीरनी उत्कृष्ट अवगाहना

देवोनुं योजन लाख देह, मानवनुं साधिक लाख छे
नवसो योजन तिर्यंचनुं नारकोनुं बेवडुं थाय छे

*१०. विकुर्वणनो काळ*

उत्कृष्ट विकुर्वण काळ मनुष्य तिर्यंचनो चार मुहूर्त छे ५
देवोनो पंदर दिवस छे, नारकोनो अंतर्मुहूर्त छे

*११. संघयण द्वार*

संघयण नथी देव नरक स्थावरे, छेवठुं विकलेन्द्रिमां छे
गर्भज मनुष्य तिर्यंच पंचेन्द्रि छ छ संघयणवाळा छे

*१२-१३. संज्ञा अने संस्थान द्वार*

सर्व जीवोमां चार दश के सर्वे सोळ संज्ञा होय छे ६
समचतुरस्त्र संस्थानी देवो छे, छ संस्थानी नरतिर्यंच छे
हुंड संस्थानी विकलेंद्रि नारक, विविधाकार वर्ण काय छे
ध्वजाकार वायु सूई आकार, तेउ बुद्बुद् आकार अपकाय छे

*१४. कषाय अने लेश्या द्वार*

चंद्र मसुराकार पृथ्वीकार, सर्व जीवोने चार कषाय छे ७
गर्भज तिर्यंच मनुष्य छ लेश्या, वैमानिके त्रण लेश्या छे
नारक तेउ वाउ विकलेंद्रिमां, लेश्या त्रण पहेली ज छे
तेजो लेश्या ज्योतिषीने चार लेश्या शेष सर्वने छे

*१५. इंद्रिय द्वार*

स्थावर एकेन्द्रि विकलेन्द्रि बितिचउरिंद्रि शेष पंचेन्द्रि छे ८

१६-१९. समुद्घात द्वार दृष्टि द्वार अने दर्शन द्वार

कषाय वेदना मरण वैक्रिय तेजस आहारक केवली छे
ए सात समुद्घात मनुष्ये गर्भज तिर्यंच, देवोमां पांच छे
नारक वाउमां चार समुद्घात शेषे समुद्घात त्रण छे
विकलेंद्रियोने बे दृष्टि छे, एकेंद्रियो मिथ्याद्रष्टि छे ९

शेष जीवोने त्रण दृष्टि, मिथ्या मिश्र सम्यग् द्रष्टि छे
एकेंद्रि द्विति इंद्रिये अचक्षुदर्शन, चोरेंद्रिमां चक्षु अचक्षु छे
मनुष्योमां दर्शन चारे छे, त्रण दर्शन शेष जीवोमां छे

*२०. ज्ञान अने अज्ञान द्वार*

तिर्यंच पंचेंद्रिय देव नारकमां, त्रण त्रण ज्ञान अज्ञान छे १०
स्थावरे बे अज्ञान, विकलेंद्रिमां बे बे ज्ञान अज्ञान छे
मनुष्योमां मति श्रुति अवध्यादि, पंच ज्ञान, त्रण अज्ञान छे

*२१. योग द्वार*

अगियार योग सुर नारकना छे, तिर्यंचना तेर योग छे
पंदर मनुष्ये, विकले पांच वाउ, एकेंद्रिमां त्रण योग छे ११

*२२. उपयोग द्वार*

पांच ज्ञान, त्रण अज्ञान, चार दर्शन ए बार उपयोग छे
उपयोग देव नारक तिर्यंचमां नव, मनुष्यमां बार छे
बिति इंद्रिये पांच चउरिंद्रिये छ, एकेंद्रिमां त्रण उपयोग छे
संख्यात असंख्यात एक समयमां, मरण उत्पत्ति थाय छे १२

*२३. उत्पत्ति अने च्यवन द्वार*

तिर्यंच विकलेंद्रि नारक देवोमां, संख्यात मनुष्यमां थाय छे

वनस्पति अनंता शेष स्थावरे, असंज्ञी मनुष्य असंख्य छे

*२४-२७. आयुष्य (स्थिति) द्वार*

पृथ्वीकायनुं बावीश सहस, अपकाय वायु सात सहस छे
तेउकायायु त्रण दिवस, वाउकायायु त्रिसहस वर्ष छे १३
वनस्पति आयु दश सहस वर्ष, बेइंद्रि आयु बार वर्ष छे
तेइंद्रि आयु ओगणपचाश दिन, चउरिंद्रि आयु छ मास छे
त्रण पल्योपमायु नर तिर्यंचनुं, तेत्रीश देवनारके छे
व्यंतरे पल्योपम, ज्योतिषे वर्ष लक्षाधिक पल्य आयु छे १४
असुरायु साधिक सागर, नव निकाये देशूण बे पल्य छे
उत्कृष्ट आयुष्य कह्युं, हवे जघन्य आयुष्य कहेवाय छे

*२८. जघन्य आयुष्य*

पृथ्वी अप तेउ वाउ वण बितिचउरिंद्रि, पंचेंद्रि तिरिनर ए दश छे
दशे अंतर्मुहूर्तायु, वैमानिके पल्य, ज्योतिषे पल्य अष्टमांश छे १५
दशसहस्र वर्षायु भवनपति व्यंतर नारक जघन्य आयु छे

*२९. पर्याप्ति अने आहार द्वार*

देव मनुष्य तिर्यंच नारकोने छ पर्याप्ति, स्थावरे चार छे
विकलेंद्रिने पांच पर्याप्ति, सर्वेने छये दिशिनो आहार छे

पर्याप्त गर्भज तिर्यंच मनुष्यो, चउ भेद देवोमां जाय छे १६

*३०. संज्ञा द्वार*

देवतिर्यंच नरके दीर्घकालिका, विकले हेतूपदेशिकी छे
मनुष्योमां दीर्घकालिकी कोई दृष्टिवादोपदेशिकी छे

*३१-३७. गति-आगति द्वार*

सर्वे स्थावरो संज्ञा रहित, हवे आगति-गति कहेवाय छे
पर्याप्त गर्भज तिर्यंच मनुष्यो, चउ भेद देवोमां जाय छे १७
संख्यात वर्षायु गर्भज तिर्यंच, मनुष्योमां सुर आवे छे
बादर पर्याप्त पृथ्वी अप प्रत्येक, वनस्पतिमां देवो जाय छे
संख्यात वर्षायु तिर्यंच गर्भज नर, तिरि साते नरके आवे छे
साते नरकोथी नीकळी, ए ज तिर्यंच मनुष्योमां जाय छे १८
नारक विना सर्व जीवो, अप वनस्पतिमां आवे छे
पृथ्वी आदि दश पदोमां, पृथ्वी अप वनस्पति जीव जाय छे
तेउ वाउमां पृथ्वी आदि, दश पदमांथी जीवो आवे छे
पृथ्वी अप आदि नव पदोमां, तेउ वाउ उत्पन्न थाय छे १९
विकलेंद्रि दश पदमां आवे, दश पदथी विकलेंद्रिमां जाय छे
गमनागमन गर्भज तिर्यंचोनुं, सर्व जीवोमां थाय छे

मनुष्यो सर्वेमां जाय, तेउ वाउ विण मनुष्योमां जाय छे

*३८-३९. वेद द्वार*

त्रण वेद मनुष्य तिर्यंचमां, देवमां पुरुष स्त्रीवेद छे २०
पांचे एकेंद्रिमां बितिचउरेंद्रिमां, नारकोमां नपुंसक वेद छे
कहुं अल्पबहुत्व पर्याप्त मनुष्य, बादराग्नि वैमानिक देव छे
भवनपति नारको व्यंतरो, ज्योतिषी देवो चउरिंद्रि छे
पंचेंद्रि तिर्यंचो बेइंद्रि, तेइंद्रियो पृथ्वीकाय अप्काय छे २१
वाउकाय वनस्पतिकाय क्रमथी, जीवो एकेकथी अधिक छे
जिनदेवो मुज जीव अनंतीवार, दंडकोमां भमी पीडित छे

*४०-४१. मोक्ष प्रार्थना*

दंडकोमां भ्रमणथी भग्नहृदयी, दुःखित आपनो भक्त छुं
त्रण दंड विरहथी सुलभ मोक्षपद द्योने! शीघ्र दयापात्र छुं २२

*४२. प्रशस्ति*

जिनहंस मुनीश्वर राज्यमां, मुनि धवलचंद्रना शिष्य जे
गजसार मुनिए आत्महितकर, लखी आ विनति छे ते
बे हजार आडत्रीश अषाढ सुदि आठमे, मुंबईमां तारदेवमां
रची अचलगच्छपति गौतमनीतिगुणसूरि गूर्जर पद्यमां २३
इति दंडक प्रकरणनो पद्यानुवाद संपूर्ण

# दंडक प्रकरण मूल

नमिउं चउवीसजिणे, तस्सुत्तवियारलेसदेसणओ;
दंडगपएहिं ते च्चिय, थोसामि सुणेह भो भव्वा. १
नेरईआ असुराई, पुढवाइ बेइंदियादओ चेव;
गब्भयतिरियमणुस्सा, वंतर जोइसिय वेमाणी. २
संखित्तयरी उ इमा, सरीरमोगाहणा य संघयणा;
सन्ना संठाण कसाय, लेसिंदिय दु समुग्घाया. ३
दिट्ठी दंसण नाणे, जोगुवओगोववाय चवण ठिई;
पज्जत्ति किमाहारे, सन्नी गई आगइ वेए. ४
चउ गब्भ तिरिय वाउसु, मणुआणं पंच सेस तिसरीरा;
थावरचउगे दुहओ, अंगुलअसंखभागतणु. ५
सव्वेसिं पि जहन्ना, साहाविय अंगुलस्सऽसंखंसो;
उक्कोस पणसयधणू, नेरइया सत्तहत्थ सुरा. ६
गब्भतिरि सहसजोयण, वणस्सई अहियजोयणसहस्सं;
नर तेइंदि तिगाऊ, बेइंदिय जोयणे बार. ७

जोयणमेगं चउरिंदि, देहमुच्चत्तणं सुए भणिअं;
वेउव्वियदेहं पुण, अंगुलसंखंसमारंभे. ८
देव नर अहियलक्खं, तिरियाणं नव य जोयणसयाइं;
दुगुणं तु नारयाणं, भणियं वेउव्वियसरीरं. ९
अंतमुहुत्तं निरए, मुहुत्त चत्तारि तिरिय-मणुएसु;
देवेसु अद्धमासो, उक्कोसविउव्वणाकालो. १०
थावर सुर नेरइआ, अस्संघयणा य विगल छेवट्ठा;
संघयणछग्गं गब्भय, नर-तिरिएसु वि मुणेयव्वं. ११
सव्वेसिं चउ दह वा सन्ना सव्वे सुरा य चउरंसा;
नर तिरिय छ संठाणा, हुंडा विगलिंदि नेरइया. १२
नाणाविह धय सूइ, बुब्बुय वण वाउ तेउ अपकाया;
पुढवी मसूर चंदा-कारा संठाणओ भणिया. १३
सव्वेवि चउकसाया, लेस-छग्गं गब्भतिरियमणुएसु;
नारय तेऊ वाऊ, विगला वेमाणिय तिलेसा. १४
जोइसिय तेउलेसा, सेसा सव्वेवि हुंति चउलेसा;
इंदियदारं सुगमं, मणुआणं सत्त समुग्घाया. १५

वेयण कसाय मरणे, वेउव्विय तेयए य आहारे;
केवलि य समुग्घाया, सत्त इमे हुंति सन्नीणं. १६
एगिंदियाण केवल, तेउ-आहारगविणा उ चत्तारि;
ते वेउव्वियवज्जा, विगला-सन्नीण ते चेव. १७
पण गब्भतिरिसुरेसु, नारय वाऊसु चउर तिय सेसे;
विगल दु दिट्ठी थावर, मिच्छत्ति सेस तिय दिट्ठी. १८
थावर बि तिसु अचक्खु, चउरिंदिसु तद्दुगं सुए भणिअं;
मणुआ चउदंसणिणो, सेसेसु तिगं तिगं भणियं. १९
अन्नाण नाण तिय तिय, सुरतिरिनिरए थिरे अनाणदुगं;
नाणन्नाण दु विगले, मणुए पण नाण ति अनाणा. २०
सच्चेअर मीस असच्चमोस, मण वय विउव्वि आहारे;
उरलं मीसा कम्मण, इय जोगा देसिया समये. २१
इक्कारस सुर निरए, तिरिएसु तेर पन्नर मणुएसु;
विगले चउ पण वाए, जोगतियं थावरे होइ. २२
ति अन्नाण नाण पण चउ-दंसण बार जिअलक्खणुवओगा;
इय बारस उवओगा, भणिया तेलुक्कदंसीहिं. २३

उवओगा मणुएसु, बारस नव निरय तिरिय देवेसु;
विगलदुगे पण छक्कं, चउरिंदिसु थावरे तियगं. २४
संखमसंखा समये, गब्भयतिरिविगलनारय सुरा य;
मणुआ नियमा संखा, वणणंता थावर असंखा. २५
असन्नि नर असंखा, जह उववाए तहेव चवणे वि;
बावीस सग ति दसवास सहस्स उक्किट्ठ पुढवाई. २६
तिदिणग्गि तिपल्लाऊ, नर तिरि सुर निरय सागर तित्तीसा;
वंतर पल्लं जोइस, वरिसलक्खाहियं पलियं. २७
असुराण अहिय अयरं, देसूण दुपल्लयं नवनिकाये;
बारसवासुणपणदिण, छम्मासुक्किट्ठ विगलाऊ. २८
पुढवाइ-दस-पयाणं, अंतमुहुत्तं जहन्न-आउठिई;
दससहसवरिसठिइआ; भवणाहिवनिरयवंतरिआ. २९
वेमाणिय जोइसिया, पल्लतयट्ठंस आउआ हुंति;
सुरनरतिरिनिरएसु, छ पज्जत्ती थावरे चउगं. ३०
विगले पंच पज्जत्ती, छद्दिसिआहार होइ सव्वेसिं;
पणगाइपये भयणा, अह सन्नितियं भणिस्सामि. ३१

चउविहसुरतिरिएसु, निरएसु य दीहकालिगी सन्ना;
विगले हेउ वएसा, सन्नारहिया थिरा सव्वे. ३२

मणुआण दीहकालिय, दिट्ठीवाओवएसिया केवि;
पज्जपणतिरिमणु अच्चिय, चउविह देवेसु गच्छंति. ३३

संखाउ पज्ज पणिंदि, तिरिय नरेसु तहेव पज्जत्ते;
भूदगपत्तेयवणे, एएसु च्चिय सुरागमणं. ३४

पज्जत्तसंखगब्भय, तिरियनरा निरयसत्तगे जंति;
निरय उवट्टा एएसु, उववज्जंति न सेसेसु. ३५

पुढवी-आउ-वणस्सइ मज्झे नारयविवज्जिया जीवा;
सव्वे उववज्जंति, नियनियकम्माणुमाणेणं. ३६

पुढवाइदसपएसु, पुढवी आऊ वणस्सई जंति;
पुढवाइदसपएहि य, तेऊवाउसु उववाओ. ३७

तेऊवाऊ-गमणं, पुढवीपमुहंमि होइ पयनवगे;
पुढवाइठाणदसगा, विगलाइतियं तहिं जंति. ३८

गमणागमणं गब्भय, तिरियाणं सयलजीवठाणेसु;
सव्वत्थ जंति मणुआ, तेऊवाऊहिं नो जंति. ३९

वेयतिय तिरि-नरेसु, इत्थी पुरिसो य चउविहसुरेसु;
थिरविगलनारएसु, नपुंसवेओ हवइ एगो. ४०

पज्जमणु-बायरग्गि, वेमाणिय-भवण-निरय-वंतरिया;
जोइस-चउ पणतिरिया, बेइंदि तेइंदि भू आऊ. ४१

वाउ वणस्सइ च्चिय, अहिया अहिया कमेणिमे हुंति;
सव्वेवि इमे भावा, जिणा! मए णंतसो पत्ता. ४२

संपइ तुम्ह भत्तस्स, दंडगपयभमणभग्गहिययस्स;
दंडतियविरय सुलहं, लहु मम दिंतु मुक्खपयं. ४३

सिरि-जिणहंस मुणीसर रज्जे सिरि-धवलचंदसीसेण;
गजसारेण लिहिया, एसा विन्नत्ति अप्पहिया. ४४

इति दंडक प्रकरण संपूर्ण

# महादण्डक स्तोत्र अपरनाम पर्यायाल्पबहुत्वविचार स्तवन

भीमे भवंमि भमिओ जिणिंदआणाइवज्जिओ जाइं
जिअअप्पबहुट्ठाणाइं विन्नविस्सामि ताइं अहं १
गब्भयमणुया थोवा संखगुणा थी असंखगुण दुन्नि
बायरपज्जग्गि अणुत्तरा सुरा सत्तसंख इमे २
उवरिम मज्झिम हिट्ठिम अचुया रण पाणया णय सुरा य
चउदस असंख माघवइ मघा सहसार महसुक्का ३
रिट्ठा लंतक अंजण बंभय वालुय महिंद सणकुमरा
सक्करपह मुच्छिमनर ईसाणसुरा य अह तिन्नि ४
ईसाणदेवि सोहमजुअल- संखा असंख भवणवई
तद्देवी संखगुणा असंख रयणपह खगपुरिसा ५
संखा खयरी थल- जलयर- वंतर- जोइसाण- चउ जुअलं
कीवा नह थल जलयर पजत्त चउरिंदिया तेर ६
पज्ज पण बिय तिइंदिय अहिया अस्संखऽपज्ज पंचिदी
अहिया अपज्ज चउ तिय बिइंदि बारस असंखे इमे ७

बायरपज्जपरित्ता निगोअ भू दग समीर तह अपज्जा
थूलग्गि परित्त निगोअ पुढवि जल पवण सुहमग्गी ८
सुहुमा अपज्जभू वारि वाउ अहिया पज्जगि संखगुणा
भू जल निल अहिअ निगोअ अपज्ज असंख पज्ज संखा ९
अभविय परिवडिया सिद्ध पज्जबायरवणा अणंतगुणा
बायरपज्जत्तहिया अपज्जबायरवण असंखा १०
बायर अपज्ज० बायर अहिया अस्संख सुहुम अपज्ज वणा
सुहुम अपजत्त अहिया संखा सुहुमवणपज्जत्ता ११
अहिआ पज्जसुहुमा सुहुम भविय णंत वणि गिंदि तिरि मिच्छा
अविरय कसाय छउमा सजोगि संसारि सव्वजिया १२
गुणतीसअंकतुल्ला मणुआ तेसि नरअट्ठवीसंसे
इगरूवूण जहन्ना सेसा इत्थी उ गब्भभवा १३
किंचूणावलिघणसमयरासितुल्ला उ बायरपजग्गी
णुत्तरसुराइ अट्ठ उ खित्तपलोवम असंखंसे १४
माघवयाई तेरस कमसो सेढी असंखभागेसुं
सतरस ईसाणाई असंखसेढिप्पएसममो १५

तिगुणा तिरूवअहिआ सगवीसगुणा उ सत्तवीसहिया
बत्तीसगुणा बत्तीस अहिअ तिरिनरसुरत्थि कमा १६
कीवखयराइसत्तसु अंगुलसंखं सपयरसेढिहरे
अपजपणिंदादट्ठसु अंगुलअस्संखभागो अ १७
अस्संखपयरतुल्ला बायरपज्जत्तवाउकाया य
बायरअपज्जजलणाइ सोल अस्संखलोगसमा १८
अभवियचउत्थणंते पंचमि सम्माइ परिवडिय सिद्धा
सेसा अट्ठमणंते पजथूलवणाइ बावीसं १९
इय महदंडमसइं भमिओणुत्तरपयत्थसिद्धि विणा
संपइ तुह आणठिओ सामि अणुत्तरपयं देसु २०

समाप्तमिदं महादण्डकस्तोत्रापरपर्यायाल्पबहुत्वविचारस्तवनम्

# दंडक प्रकरण अंगेनी कृतिओनी सूचि

| कृति नाम | कर्ता नाम |
|---|---|
| दडक प्रकरण | गजसार |
| दंडक प्रकरण-(सं.)टीका | समयसुंदर |
| दंडक प्रकरण-(सं.)टीका | रूपचंद्र |
| दंडक प्रकरण-(सं.)टीका | अज्ञात जैनश्रमण |
| दंडक प्रकरण-(सं.)स्वोपज्ञ अवचूरि | गजसार |
| दंडक प्रकरण-(सं.)अवचूरि | अज्ञात जैनश्रमण |
| दंडक प्रकरण-(गु.)विवेचन | मलयकीर्तिविजय |
| दंडकप्रकरण-(गु.)विवेचन | अमृतलाल पुरषोत्तमदास |
| दंडकप्रकरण-(गु.)विशेषार्थ | चंदुलाल न्हानचंद |
| दंडकप्रकरण-(हिं.)शब्दार्थ | जीत मुनिजी |
| दंडकप्रकरण-(गु.)विवेचन | नरवाहनसूरि |
| दंडक प्रकरण-(मा.गु.)बालावबोध | अज्ञात जैनश्रमण |
| दंडक प्रकरण-(मा.गु.)बालावबोध | अज्ञात जैन |
| दंडकप्रकरण-(मा.गु.)टबार्थ | नृसिंह |

## दंडक प्रकरण अंगेनी कृतिओनी सूचि

| | |
|---|---|
| दंडक प्रकरण-(मा.गु.)टबार्थ | हितरूचि |
| दंडकप्रकरण-(मा.गु.)टबार्थ | केशरसागर |
| दंडक प्रकरण-(मा.गु.)टबार्थ | अज्ञात जैनश्रमण |
| दंडक प्रकरण-(सं.)टबार्थ | सोमशिष्य |
| विचारषट्त्रिंशिका-(मा.गु.)टबार्थ | भाग्यधीर |
| दंडक प्रकरण-(मा.गु.)टबार्थ | श्रीतिविजय |
| दंडक प्रकरण-(मा.गु.)टबार्थ | भुवनकीर्ति |
| दंडक प्रकरण-(मा.गु.)१२३द्वारयंत्र | अज्ञात जैन |
| दंडक प्रकरण-(मा.गु.)कोष्टक | अज्ञात जैनश्रमण |
| दंडकप्रकरण पदार्थ संग्रह | हमचंद्रसूरि |
| २४ दंडक विचार | अज्ञात जैनश्रमण |
| दंडक प्रकरण-(मा.गु.)टबार्थ | ऋद्धिसागर |
| दंडक प्रकरण-(मा.गु.)टबार्थ | जविजय |
| दंडक प्रकरण-(मा.गु.)टबार्थ | भाग्यविजय |
| दंडक प्रकरण-(मा.गु.)पद्यानुवाद | ज्ञानसार |
| दंडक प्रकरण-(हिं.)विशेषार्थ | अमितयशविजयजी म. |

# दंडक प्रकरण अंगेनी कृतिओनी सूचि

| | |
|---|---|
| दंडकना २९ द्वार सज्झाय | पद्मविजय |
| दंडक कथा | अज्ञात जैनश्रमण |
| दंडकना गतागतिना छूटा बोल | अज्ञात जैनश्रमण |
| दंडकना २४ द्वार गर्भित वीर स्तवन | अज्ञात जैनश्रमण |
| दंडकना ३६ बोल विचार | अज्ञात जैनश्रमण |
| दंडकना त्रीस द्वार बोल | अज्ञात जैनश्रमण |
| दंडक द्वारनुं स्तवन | धर्मसी |

# नोंधपोथी


## श्री चारित्ररत्न फा. चे. ट्रस्टना प्रकाशनो

- 500 पूजनप्रतो
- 135 6 भाषाना कथाग्रन्थो (अप्राप्य)
- 350 अप्रगट ग्रन्थो हस्तप्रतोमांथी लखाई गया छे
- 45 आगमग्रन्थो (अप्राप्य)
- 120 सामयिकमां स्वाध्याय काव्यकृतिओ (क्रमसर छपाय छे)
- 25 अचलगच्छेश पू. आ. कल्याणसागरसूरि तथा पू. आ. विद्यासागरसूरि रचित स्तोत्र आधारे खंडान्वय-दंडान्वय
- 75 पू. अचलगच्छेश तथा आचार्य भ., साधु भगवंतना संस्कृतमां जीवनचरित्रो

श्री चारित्ररत्न फा. चे. ट्रस्ट तरफथी २५०० ग्रन्थो प्रकाशित करवानी भावना छे. हाल १२५० ग्रन्थोनी झलक आपी छे. लेखक 'श्री पार्श्व' नुं साहित्य क्रमसर प्रकाशित करवानी भावना छे.

*।। उदयो भवतु सर्वेषाम् ।।*

Printed by. Navprabhat 98255 98855



અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નો સર્વોદયજીનો પરિવાર

ARYA GRAPHICS - 09925801910